સંક્ષિપ્ત સમાચાર

વદેશિયામાં બસ સ્ટેન્ડ અને ગટર સમસ્યાના ઉકેલ માટે રજૂઆત



હિતેશ પટેલ

માંડવી: અરેઠના વદેશિયા ગામ ખાતે બસ સ્ટેન્ડની કામગીરી સત્વરે શરૂ કરવા તેમજ ગામ નજીક આવેલા પેટ્રોલ પંપની નબળી ગટર વ્યવસ્થાના પ્રશ્ને કાયમી ઉકેલ લાવવા માટે વદેશિયા ગ્રામ પંચાયત દ્વારા માંડવી પ્રાંત અધિકારીને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ગ્રામ પંચાયત વતી સરપંચ મિતલભાઈ વિલાસભાઈ ચૌધરી દ્વારા તા.20 નવેમ્બરે કરાયેલી રજૂઆતમાં જણાવ્યાનુસાર કીમ-માંડવી રાજ્ય ધોરી માર્ગ પર વદેશિયા ગામ નજીક બસ સ્ટેન્ડ બનાવવા અંગે અગાઉ વારંવાર રજૂઆતો અને સ્મરણપત્રો પાઠવવામાં આવ્યા હોવા છતાં આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી થઈ નથી. ઉપરાંત ગામ નજીક આવેલા પેટ્રોલ પંપની ગટર વ્યવસ્થા અપૂરતી હોવાથી વરસાદી પાણી ગામના મુખ્ય માર્ગ પર ભરાઈ જાય છે અને ઘણીવાર ભારે વરસાદ દરમિયાન રસ્તો બંધ થઈ જાય છે. જેના કારણે સ્થાનિક ગ્રામજનો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તેમજ વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડે છે. ગ્રામ પંચાયતે માંગ કરી છે કે, બસ સ્ટેન્ડના નિર્માણની કામગીરી તાત્કાલિક શરૂ કરવામાં આવે અને ગટર વ્યવસ્થાની સ્થળ તપાસ કરીને પાણી ભરાવાની સમસ્યાનો કાયમી નિકાલ લાવવામાં આવે. જો યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આંદોલન કરવાની ફરજ પડશે.

પુના ગામે આતંક મચાવતો વધુ એક દીપડો પાંજરે કેદ



મેહુલ પટેલ

અનાવલ: પુના ગામે છેલ્લા કેટલાક સમયથી આતંક મચાવતો એક દીપડો શુક્રવારે વહેલી સવારે પાંજરે કેદ થતાં ગ્રામજનોએ રાહતનો શ્વાસ લીધો છે. પુના ગામ ખાતેથી અત્યાર સુધીમાં પકડાયેલા દીપડાઓની કુલ સંખ્યા 30ને વટાવી ગઈ છે, જેના પગલે આ ગામ જિલ્લામાં સૌથી વધુ દીપડા ઝડપાયા હોય તેવા વિસ્તારોમાં મોખરે રહ્યું છે. ૨૦ નવેમ્બરના રોજ વહેલી સવારે આશરે ૫:૩૦થી ૬:૦૦ વાગ્યાના અરસામાં દીપડો પાંજરામાં પુરાયો હતો. દીપડાને પકડવા માટે પાંજરામાં મરઘાનું મારણ મુકાયું હતું. જેની લાલચમાં દીપડો અંદર પ્રવેશતાં પાંજરું બંધ થઈ ગયું હતું. દીપડાની ઉંમર આશરે ચાર વર્ષની હોવાનું અનુમાન છે. દીપડો પાંજરે કેદ થયાની વાત ગામ સહિત આસપાસના પંથકમાં વાયુવેગે પ્રસરતા મોટી સંખ્યામાં ગ્રામજનો દીપડાને જોવા માટે સ્થળ પર ઊમટી પડ્યા હતા. જોકે, સ્થાનિકોના જણાવ્યા મુજબ ગામ અને આસપાસના વિસ્તારમાં હજુ પણ અન્ય દીપડાઓની અવરજવર હોવાની શક્યતા છે. જેના કારણે ગ્રામજનોમાં ભયનો માહોલ યથાવત છે.

નેત્રંગમાં વિશ્વ એન્ટી માઈક્રોબિયલ જાગૃતિ સપ્તાહનો પ્રારંભ કરાયો



પ્રદીપ ગજી

નેત્રંગ: તાલુકા હેલ્થ ઓફિસ નેત્રંગના થકી સામૂહિક આરોગ્ય કેન્દ્ર નેત્રંગ ખાતે વિશ્વ એન્ટી માઈક્રોબિયલ જાગૃતિ સપ્તાહ અંતર્ગત ઉદઘાટન કાર્યક્રમ અને જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષની થિમ એક આરોગ્ય, એક પહેલ - એન્ટી માઈક્રોબિયલ રેઝિસ્ટન્સને આજે જ અટકાવો રાખવામાં આવી છે. આ કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડો.એ.એન. સિંગ, મેડિકલ ઓફિસર, તાલુકા હેલ્થ સુપરવાઈઝર સહિત આરોગ્ય વિભાગનો તમામ સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. વિશ્વ એન્ટી માઈક્રોબિયલ જાગૃતિ સપ્તાહના ભાગરૂપે સામાન્ય નાગરિકોમાં જાગૃતિ ફેલાવવા તથા એન્ટિબાયોટિક દવાઓના જવાબદારીપૂર્વક ઉપયોગનો સંદેશો જન-જન સુધી પહોંચાડવાના હેતુથી જનજાગૃતિ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આજે નેત્રંગમાં શ્રી રણછોડરાયજીની પાવન ધજાની ભવ્ય શોભાયાત્રા યોજાશે

નેત્રંગ: નેત્રંગ ટાઉનમાં આજે સમસ્ત હિન્દુ સમાજ, નેત્રંગ દ્વારા શ્રી રણછોડરાય મંદિરે ધજા આરોહણ કરવામાં આવશે. નેત્રંગ નગરમાં ગાંધી બજારમાં તુલસી ફળિયા વિસ્તારમાં પુનર્જીર્ણોદ્ધાર અને નવનિર્માણ થયેલ રાજાધિરાજ શ્રી રાજા રણછોડરાયજી મંદિરે નવવર્ષ અને દેવઊઠી અગિયારસ તથા તુલસીવિવાહ નિમિત્તે નેત્રંગ નગરના સમસ્ત હિન્દુ સમાજ થકી પાવન ધજાની શોભાયાત્રા કાઢવાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આજે તા.૨૧ના રોજ બપોરે ૧ કલાકે રાહુલભાઈ મહેશભાઈ માછી, શાંતિનગરના ઘરેથી ડીજેના તાલે ધામધૂમથી યાત્રા પ્રસ્થાન કરશે. આ યાત્રા જવાહરબજાર, ગાંધીબજાર, જલારામ ફળિયામાં થઈ તુલસી ફળિયા ખાતે આવેલ નિજ મંદિરે પહોંચશે, જ્યાં સાંજે ૬ કલાકે મંદિર પર ધજા આરોહણ થશે. રાત્રે ૯ કલાકે હનુમાન ચાલીસાના પાઠનું પણ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

દેત્રાલની સીમમાં એલ્યુમિનિયમ વાયર્સની ચોરી

ભરૂચ: ભરૂચના દેત્રાલ ગામની સીમમાં GETCOની ૬૬ KV બંધ વીજ લાઇનમાંથી તસ્કરો ૩.૪,૪૧,૫૨૨ની કિંમતના એલ્યુમિનિયમ વાયર ચોરી ગયા છે. વાગરાથી દેહગામ DSS સુધીની લાઇનનો કોન્ટ્રાક્ટ ધરાવતી ધનરાજ પાવર કંપનીના પ્રોજેક્ટ મેનેજર સત્યમભાઈ બુહા અને સુપરવાઇઝર ૨૮ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ પેટ્રોલિંગમાં હતા. ત્યારે ટાવર નં. ૧૪/થી ૧૫/૦૦ વચ્ચેના ૨,૧૮૪ મીટરના ગેપમાંથી ૨,૧૨૭ કિલોગ્રામ વજનના ૪ વાયર કપાયેલા જણાયા હતા.

ભરૂચમાં લક્ઝરી બસ-ટેન્કર અથડાતાં 2 જણાનાં મોત, 30થી વધુ ઘાયલ

ધોરાજીથી સુરત લગ્નપ્રસંગમાં જતી લક્ઝરી બસને અકસ્માત નડ્યો

ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયા





ભરૂચ: ભરૂચના દેરોલ પાસે આવેલા દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ હાઈવે પર શુક્રવારે વહેલી સવારે આશરે 5:30 વાગ્યાના અરસામાં ધોરાજીથી સુરત લગ્નપ્રસંગમાં જઈ રહેલી લક્ઝરી બસ અને ટેન્કર વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાયો હતો. આ ભારે ટક્કરમાં 2 મુસાફરનાં મોત નીપજ્યાં હતાં. બસના ડ્રાઇવર નવીન દાનાભાઈ ભારાઈ અને ક્લીનર રમેશ ગોવિંદ સોલંકીને ગંભીર ઈજા થતાં તેમનાં મોત થયાં હતાં. જ્યારે 6-7 વર્ષનાં નાનાં બાળકો સહિત 30થી 35 જેટલા મુસાફર ઈજાગ્રસ્ત થયા છે.

અકસ્માતને પગલે ઘટના સ્થળે અફરાતફરી અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. બનાવની જાણ થતાં જ 108ની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ઈજાગ્રસ્તોની સંખ્યા વધુ હોવાથી આસપાસની 7થી 8 એમ્બ્યુલન્સની મદદ લેવામાં આવી હતી. 108ના ઈ.એમ.ટી. અસ્મા મલેકના જણાવ્યા અનુસાર અકસ્માતમાં કેટલાક મુસાફરોને સામાન્ય તો કેટલાકને ગંભીર ઈજાઓ પહોંચી છે, જે તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.



કિરણ ઢોડિયા

વિવાદને પગલે કીમ ગામ પોલીસ છાવણીમાં ફેરવાયું!

૧૦૦ પોલીસકર્મીનો લોખંડી બંદોબસ્ત તૈનાત

કીમ: સુરત ગ્રામ્ય જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ આગામી તહેવારો અને વિવિધ મુદ્દાઓને લઈને યોજાતાં ધરણા-પ્રદર્શનો દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી વહીવટી તંત્ર દ્વારા મહત્ત્વપૂર્ણ પગલાં લેવામાં આવ્યાં છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ હિરેન ચૌહાણે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૩) હેઠળ સમગ્ર સુરત ગ્રામ્ય જિલ્લામાં તા. ૧૯ નવેમ્બરથી ૩ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી પ્રતિબંધાત્મક જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

જાહેરનામા મુજબ પૂર્વ પરવાનગી વિના કોઈપણ પ્રકારની સભા યોજવા, બોલાવવા કે સરઘસ કાઢવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જોકે સરકારી ફરજ પરના કર્મચારીઓ અને સ્મશાનયાત્રાને આ પ્રતિબંધમાંથી મુક્તિ આપવામાં આવી છે. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે. બીજી તરફ કીમ ગામમાં ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને લઈને સર્જાયેલા વિવાદને પગલે પોલીસ તંત્ર એલર્ટ મોડ પર છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે સમગ્ર કીમ ગામમાં પોલીસનો લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ૨ ડીવાયએસપી અને ૩ પીઆઈ કક્ષાના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ૨૦ એલસીબી જવાનો સહિત આશરે ૧૦૦ પોલીસકર્મીને તૈનાત કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા ગામમાં સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. જ્યારે સોશિયલ મીડિયા પર પણ ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. અફવા ફેલાવનાર અને કાયદો-વ્યવસ્થાને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરનાર સામે કડક કાર્યવાહી કરવાની તૈયારી રાખવામાં આવી છે.

જૂનાદિવા ગામે જાહેરમાં જુગાર રમતા 9 ઝડપાયા

અંકલેશ્વર, ભરૂચ: અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે જૂનાદિવા ગામે નેહરીવાળા રસ્તે પાસે ખુલ્લી જગ્યામાં ઝાડી-ઝાંખરા વચ્ચે પત્તાંનો જુગાર રમતા જૂનાદિવાના વિપુલ પટેલ (ઉં.વ.34) (રહે., તલવાર ફળિયું), હેમંત પટેલ (ઉં.વ.51) (રહે.,ગાંધી ચોક), નરેશ પટેલ (ઉં.વ.39) (રહે.,વશી ફળિયું), પિંકલભાઈ બાજલીવાલા (ઉં.વ.31) (રહે.,વશી ફળિયું), પ્રતીક બાજલીવાલા (ઉં.વ.29) (રહે.,વશી ફળિયું), નરેશ વસાવા (ઉં.વ.32) (રહે., શામજી ફળિયું), જયેશ વસાવા (ઉં.વ.31) (રહે., ભાથીજી ફળિયું) અને નરેશ વસાવા (ઉં.વ.36) (રહે., શામજી ફળિયું) અને પંકજ પટેલ (ઉં.વ.33) (રહે., કતપોર, હાંસોટ)નો સમાવેશ થાય છે. તેઓ પાસેથી અંગજડતીના રોકડા રૂ.23,800, દાવ પરના રૂ.2630 મળી કુલ રોકડા રૂ.26,430, ચાર મોબાઈલ રૂ.40,000 કુલ મળી રૂ.66,430નો મુદ્દામાલ કબજે કરાયો હતો. પોલીસે તમામ સામે ગુનો નોંધી વધુ કાર્યવાહી કરી છે.

ભરૂચમાં સરપંચની ચૂંટણી માટે 77 ગામમાં રોટેશન જાહેર

જિલ્લામાં ગ્રામ પંચાયત ચૂંટણીનો શંખનાદ

ભરૂચ: આગામી ગ્રામ પંચાયત ચૂંટણીના પગલે ભરૂચ જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા ભરૂચ તાલુકાની 77 ગ્રામ પંચાયતના સરપંચ પદ માટે અનામતની જાહેરાત કરવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર કચેરી દ્વારા તા.17મી નવેમ્બરના રોજ જારી કરાયેલા રોસ્ટર મુજબ, વિવિધ વર્ગો માટે સીટોની ફાળવણી કરવામાં આવી છે.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રસિદ્ધ કરાયેલા આંકડાઓ પ્રમાણે ભરૂચ તાલુકાની કુલ 77 ગ્રામ પંચાયતમાં સરપંચ પદ માટેની અનામત જાહેર કરાઈ છે. જેમાં અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત આદિજાતિ (ST), સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (OBC) તેમજ સામાન્ય (General) વર્ગનો સમાવેશ થાય છે. દરેક વર્ગમાં સામાન્ય અને મહિલા અનામતની અલગ-અલગ યાદી બહાર પાડવામાં આવી છે. આ રોટેશનમાં સરપંચપદ અનુસૂચિત જાતિ (SC): સામાન્ય કેટેગરીમાં પીપલીયા અને માંચ જ્યારે મહિલા (SC)માં અનામતમાં કુવાદર અને કેસરોલ ગામનો સમાવેશ થાય છે.અનુસૂચિત આદિજાતિ (ST): સામાન્ય વર્ગમાં ત્રાલસી, સીમલીયા, કારેલા, ચોલાદ, અમાલા, અમલેશ્વર, ભરથાણા અને વડવા, જ્યારે મહિલા વર્ગમાં ભોલાવ, નંદેલાવ, હિંગલ્લા, બોરી, આમદડા, અડોલ, ડમાલી, ડભાલી અને કુરલા ગામોનો સમાવેશ થાય છે. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ (OBC): આ વર્ગમાં 27 ટકા અનામત હેઠળ સામાન્ય કેટેગરીમાં પાલેજ, પરીએજ, પારખેત, રહાડપોર, સામલોદ, શંખવાડ, સેગવા, સેરવા, શુકલતીર્થ અને સિંધોત તેમજ મહિલા કેટેગરીમાં બંબુસર, દયાદરા, મહેગામ, મંગલેશ્વર, નાંદ, નવેઠા, નિકોરા અને પગુથણ ગામનો સમાવેશ થાય છે. અને સામાન્ય (General) કેટેગરી: સામાન્ય વર્ગમાં કંબોલી, કંથારિયા, કરજણ, કરમાડ, કરમાલી, કાસવા, કિશનાડ, મદૂધલા, શાહપુરા, શેરપુરા, ઠીંકરીયા, વડદલા, વહાલુ, વાંસી, વરેડીયા અને વેસદડા ગામોનો સમાવેશ થાય છે. જ્યારે (General) મહિલા અનામત હેઠળ ઉમરાજ,અલદર, અંગારેશ્વર, ભાડભૂત, ભુવા, ચાવજ, દહેગામ, દેરોલ, દેત્રાલ, એકસાલ, હલદરવા, હીંગલોટ, ઝંઘાર, ઝનોર અને કાહાન ગ્રા.પં.નો સમાવેશ કરાયો છે.

સાયણમાં રહેતા વાપીના વૃદ્ધનું મોત

સાયણ: સાયણ ટાઉનના શ્રી રામ કોમ્પ્લેક્સના ફ્લેટ નં.૨૦૧માં એકલવાયું નિવૃત્ત જીવન ગુજારતા મૂળ વાપીના વતની સુરેશ ભીખુભાઈ ઠક્કર (ઉં.વ.૭૮)નો ગુરુવાર, તા.૧૯ના રોજ સવારે બાથરૂમ સામે જમીન પર નગ્ન અને ઊંધા માથે પડેલો મૃતદેહ મળી આવ્યો હતો. રોજ કૂતરાઓને બિસ્કિટ ખવડાવતા જીવદયા પ્રેમી વૃદ્ધના મોત અંગે રહીશ મિહિર રાવળે જાણ કરતાં ઓલપાડ પોલીસ દોડી આવી હતી. પોલીસે મૃતદેહનો કબજો લઈ શંકાસ્પદ મોતનું સચોટ કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

-:: જાહેર નોટીસ ::-

ડિસ્ટ્રીક્ટ સુરત સબ ડિસ્ટ્રીક્ટ તાલુકા બારડોલીના ગામ મોજે : કીકવાડ માં આવેલ ખેતીની જમીન જેનો બ્લોક નં.૧૮/૨ (રે.સર્વે નં.૬/૧, ૭,૯/પૈકી) આપવામાં આવેલ છે તે આખી જમીનનું જેનું ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૧-૭૫-૫૧ છે. જેનો આકાર રૂા.૧૭.૦૨ તે જમીન તેના માલીક સતિષકુમાર ભાઈચંદભાઈ પટેલ નાઓ પાસેથી હમારા અસીલે વેચાણ રાખવાનું નક્કી કરેલ છે જેથી સદરહું જમીનમાં માલીક સિવાય બીજા કોઈપણ ઈસમ સંસ્થા કે મંડળી નો લાગભાગ, હક્ક હિસ્સો દર-દાવો કબજો ભોગવટો, ગીરો હક્ક ઈઝમેન્ટ કે ભરણપોષણ હક્ક વિગેરે હોય તો તેમણે દિન ૭ (સાત) માં હમોને લેખીત પુરાવા સહિત જણાવવું તેવું જો કઈ માલુમ પડશે નહી તો તેવા તમામ પ્રકારના હક્કો છોડી દિધેલા ગણી હમારા અસીલ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે તે અંગે પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી. તા.૨૦/૧૧/૨૦૨૬.

નરેન્દ્રસિંહ એચ. મોરી. તે ખરીદનારના એડવોકેટ.

૧૫, સરદાર શોપીંગ સેન્ટર, બી.એ.બી.એસ.હાઈસ્કુલની સામે, બારડોલી, તા. બારડોલી, જિ. સુરત. મો.નં.૯૮૨૫૧-૭૫૬૭૪.

દિવાળી અને નવા વર્ષની સર્વેને શુભેચ્છા અને શુભકામના સહ.....

નૂતનવર્ષાભિનંદન

સિયાલજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.

સુરત જીલ્લાનાં તમામ હિન્દુભાઈ બહેનોને તેમજ સિયાલજ દૂધ મંડળીના તમામ સભાસદ ભાઈ બહેનોને નવા વર્ષની ખૂબ ખૂબ શુભેચ્છા...

શુભેચ્છકો

ગણપતભાઈ જેકીસનભાઈ પટેલ : પ્રમુખશ્રી

મહેન્દ્રભાઈ હરજીવનભાઈ પટેલ : મંત્રીશ્રી

તથા મંડળીના કમિટી સભ્યો તેમજ સિયાલજ દૂધ મંડળીના તમામ સભાસદ ભાઈઓ-બહેનો

Happy Diwali & Happy New Year

IndianOil

HIGHWAY AUTO Center

N.H.No.8, P.O. KHOLWAD, Ta. Kamrej, Dist. Surat

નવું વર્ષ આપ સૌ નગરજનોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લઇને આવે એવી શુભેચ્છા

નૂતનવર્ષાભિનંદન

શ્રી કામરેજ તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.

રજી.નં.સે.સં 4767 તા.30-06-1964

સહકાર સદન,કામરેજ ચાર રસ્તા,જી-સુરત

પ્રમુખ શ્રી રમેશભાઈ રણછોડભાઈ પટેલ(જોખા)

ઉપપ્રમુખ શ્રી કિશનભાઈ કાંતિભાઈ પટેલ(સેવણી)

મેનેજર શ્રી મુકુંદભાઈ જી.પટેલ(અંત્રોલી)

તથા તમામ કમિટિ સભ્ય અને સભાસદ

નવું વર્ષ આપ સૌ નગરજનોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લઇને આવે એવી શુભેચ્છા

નૂતનવર્ષાભિનંદન

કોસંબા ગામ પંચાયત

તમામ પ્રકારના વેરા સમયસર ભરી નિકાસનાં સહભાગી બનો

સરપંચ: યાસમીન ફૈસલ દાઉદજી

ડે. સરપંચ : સાહિર અબ્દુલ સત્તાર આરફ

તલાટી કમ મંત્રી : જયશ્રીબેન ડામોર

તથા સમગ્ર પંચાયત પરીવાર અને કોસંબાના ગ્રામજનો

નવું વર્ષ આપ સૌ નગરજનોના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લઇને આવે એવી શુભેચ્છા

ઉંભેળ ગ્રામ પંચાયત

સરપંચ શ્રી ભરતભાઈ મોહનભાઈ રાઠોડ

ડે.સરપંચ શ્રી દર્શનભાઈ અમૃતભાઈ પટેલ

તલાટી કમ મંત્રી શ્રી ડો.ઈશ્વરભાઈ ગોવિંદભાઈ ભુંભળીયા

ગ્રામ પંચાયતના તમામ સભ્યશ્રીઓ તેમજ સમસ્ત ગામ પરિવાર સમયસર વેરો ભરી વિકાસના કામોમાં સહભાગી બનો

જાહેર નિવિદા નં. ૩૧ સને ૨૦૨૬-૨૭
નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ.

આથી કાર્યપાલક ઇજનેર. સિંચાઈ યોજના વિભાગ નં-૪.કરજણ વહીવટી સંકુલ. રાજપીપળા-૩૯૩૧૪૫. ફોન નં (૦૨૬૪૦) કચેરીથી દ્વારા નીચેનાં કામ " પ્રોવાઈડીંગ કન્સલ્ટન્સી સર્વિસીસ ફોર સોઇલ ઇન્વેસ્ટીગેશન સ્ટ્રકચરલ એનાલિસિસ એન્ડ ડિઝાઇન વિથ ડ્રોઇંગ અસ આઈ.એસ. કોડસ્. પ્રીપેરશન ઓફ ડિટઈલ્ડ એસ્ટીમેટ્સ. બી.ઓ.ક્યુ. એન્ડ ટેકનિકલ ડોક્યુમેન્ટ અલંગ વિથ કમ્પલીટ ડિઝાઇન એન્ડ ડ્રોઇંગ ફોર કન્સ્ટ્રકશન ઓફ ઓફિસ બિલ્ડીંગ ઇરીગેશન રાજપારડી કોલોની ભરૂચ." માટે ગુજરાત રાજ્યનાં માર્ગ અને મકાન વિભાગ તથા નર્મદા જળ સંપત્તિ,પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઇજારદારો પાસેથી નીચેનાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટથી ટેન્ડર મંગાવવામાં આવે છે. જેની અંદાજીત રકમ રૂ.૪,૧૬,૫૦૦/- છે. ટેન્ડર આપવાની છેલ્લી તા.૨૭.૧૧.૨૦૨૬ અને પરત લેવાની છેલ્લી તા.૦૨.૧૨.૨૦૨૬. ટેન્ડર તારીખ ખોલવાની તા.૦૩.૧૨.૨૦૨૬.

માહિતી/નર્મદા/૩૭૮/૨૦૨૬-૨૭

દક્ષિણ ગુજરાત વીજ કંપની લી

CINU40102GJ2003SGC042909

અંકલેશ્વર ઔદ્યોગીક વિભાગીય કચેરી

ઓએનજીસી કેમ્પસની સામે, અંકલેશ્વર

ડીજીવીસીએલ ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૦૦૩ અથવા ૧૯૧૨૩

વીજ પુરવઠો બંધ રહેવા અંગેની જાહેરાત

આથી અમારા માનવંતા ગ્રાહકોને જણાવવાનું કે નીચે જણાવેલ તારીખ અને સમય દરમ્યાન નીચે જણાવેલ ફીડરો પર જેટકો દ્વારા અગત્યનું સમારકામ કરવાનું હોવાથી વીજપુરવઠો મળશે નહી.

ક્રમ	સબ સ્ટેશનનું નામ	ફિડરનું નામ	સબ ડિવિઝનનું નામ	ફોલ્ટ સેન્ટર નંબર	તારીખ અને વાર	સમય
૧	૬૬ કેવી દધેડા	૧૧ કેવીના તમામ ફીડર	અંકલેશ્વર ઇન્ડસ્ટ્રીયલ	૮૯૦૮૦૩૯૨૯	૨૫.૧૧.૨૦૨૬ બુધવાર	૦૯.૦૦ થી ૧૬.૦૦
૩	અંકલેશ્વર-બી	૨૨ કેવીના તમામ ફીડર	અંકલેશ્વર જી.આઈ.ડી.સી	૯૮૭૯૨૦૧૬૬૭	૨૪.૧૧.૨૦૨૬ મંગળવાર	૦૭.૦૦ થી ૧૫.૦૦
૪	અંકલેશ્વર-ડી	૧૧ કેવીના તમામ ફીડર				

કામ પુર્ણ થયા પછી કોઈપણ જાતની જાણ કર્યા સિવાય વીજપુરવઠો ચાલુ કરવામાં આવશે. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

કાર્યપાલક ઇજનેર(ઔદ્યોગીક),અંકલેશ્વર

"એમ.સી.બી./ઈ.એલ.સી.બી./આર.સી.સી.બી. લગાવી વીજળી ના ઝટકા થી બચો અને વીજ અકસ્માત ટાળો "

Milano MULTIPLEX બારડોલી

Om Chapter 1 – Udhiram 10:00am, 02:00pm, 09:30pm

Ruff And Tuff Kavya Gujarati - 07:00pm

Meru Malan-Gujarati 05:00pm

Ramayana: Part 1 11:00am, 01:00pm, 03:00pm, 06:00pm, 09:00pm, 10:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333